1. દ્વીમુખી શાસન પદ્ધતિ વિશે નોંધ લખો.

- બક્સરના યુદ્ધમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની જીત થતા તેઓએ બંગાળના ન્યાયતંત્ર, પોલીસ અને મહેસુલી તંત્ર ઉપર પોતાનો અધિકાર જમાવ્યો, બંગાળના નવાબ પાસે માત્ર જવાબદારી હતી જ્યારે અંગ્રેજો પાસે નિયંત્રણ હતું. સત્તાના આ બંને પક્ષ બંગાળની પ્રજાનું શોષણ કરતી જોવા મળી છે. બંગાળમાં ઈ.સ. 1765 થી 1772 સુધી દ્વિમુખી શાસન પદ્ધતિ અમલમાં મૂકાઈ. ત્યારબાદ સમગ્ર બંગાળનું શાસનતંત્ર અંગ્રેજ અધિકારીઓએ પોતાના હસ્તક લીધું.

2. કોર્નવોલિસનું વહીવટીતંત્રના નિર્માણમાં પ્રદાન સ્પષ્ટ કરો.

- ગવર્નર જનરલ કોર્નવોલિસે વહીવટીતંત્રને શુદ્ધ બનાવવા કર્મચારીઓને વ્યાપાર કરવામાંથી મુક્તિ આપી અને માત્ર વહીવટી કાર્યો કરવા માટે બાધ્ય કર્યા. ભ્રષ્ટાચાર વિરુદ્ધ કડક નિયંત્રણો લાદ્યા. કંપનીના કર્મચારીઓ ને પગાર વધારો આપ્યો. તે સમયે કલેક્ટરનું વેતન વધારીને દર મહિને 1500 રૂપિયા કર્યું.
- ભારતમાં સનદી સેવાઓ શરૂ કરવાનું શ્રેય કોર્નવોલિસના ફાળે જાય છે, કર્મચારીઓની ભલામણ આધારે થતી નિમણુકની પ્રથા રદ કરી કર્મચારીની કામગીરી અને વરિષ્ઠ થતાં કર્મચારીઓને પ્રમોશન આપવાની પ્રથા શરૂ કરી. કોર્ન વોલિસની નીતિમાં વહીવટીતંત્રના ઉચ્ચ હોદાઓ માટે ભારતીયોને અવગણ્યા તે કમનસીબ બાબત છે. એકંદરે દેશમાં સનદી સેવાનું વિશિષ્ટ માળખું તૈયાર કરવામાં કોર્નવોલિસનું યોગદાન અમૂલ્ય છે.

3. રેગ્યુલેટિંગ (ઈ.સ. 1773) એક્ટ વિશે માહિતી આપો.

- વોરનું હેસ્ટિંગઝ રેગ્યુલેટિંગ એક્ટ પસાર કરીને ભારત માં દીવાની અને ફોજદારી એમ બે અલગઅલગ પ્રકારના ન્યાયવ્યવસ્થાના શરૂઆત કરી. રેગ્યુલેટિંગ એક્ટ ભારતમાં સુવ્યવસ્થિત ન્યાયતંત્રની રચના કરી, જેમાં કાળક્રમે અનેક પરીવર્તનો આવતા ગયા. આ એક્ટ આધારે જીલ્લા અદાલતો, તાલુકા કક્ષાની નાની અદાલતોની સ્થાપના કરાઈ કે જે દીવાની કાર્યવાહી કરશે.
- જયારે ફોજદારી કેસો માટે ક્ષેત્રીય ન્યાયાલયો શરૂ કરવામાં આવ્યા. ભારતમાં કોલકાતા, મદ્રાસ અને મુંબઈમાં હાઇકોર્ટની સ્થાપના કરવામાં આવી . ભારતમાં હિંદુ અને મુસ્લિમ માટે અલગઅલગ કાયદાઓને બદલે એક સમાન ન્યાય વ્યવસ્થાતંત્રની શરૂઆત કરવામાં આવી હતી. ખામ એ કાયદાએ ભારતમાં કાયદા સમક્ષ સૌને સમાન અધિકાર પ્રાપ્ત થયો છે.

4. અંગ્રેજી વહીવટીતંત્રનું સ્વરૂપ જણાવો.

- ઈ.સ. 1833ના નવા ચાર્ટર એ ક્ટ દ્વારા ભારતનો સંપૂર્ણ કબજો બ્રિટિશ સંસદ પાસે આવી ગયો હતો. તેઓએ ગવર્નર જનરલને ભારતનો હવાલો સોપ્યો, જે બ્રિટિશ સરકારના નિયંત્રણ અને માર્ગદર્શન નીચે શાસન ચલાવતા હતા. ભારતમાં વહીવટીતંત્રની સરળતાથી અમલીકરણ થાય તે માટે સનદી સેવાઓ શરૂ કરવામાં આવી, સાથે લશકરમાં ઉચ્ચ સ્થાનોએ અંગ્રેજોની પસંદગી કરવામાં આવતી.
- કાયદો અને વ્યવસ્થાતંત્રની જાળવણી માટે પોલીસતંત્ર શરૂ કર્યું, જેમાં પણ શીર્ષ સ્થાને અંગ્રેજોને રાખવામાં આવતા. અંગ્રેજ શાસનમાં દેશના તમામ નાગરિકો માટે એક સમાન અંગ્રેજી કાયદા અમલમાં મૂક્યા. દીવાની

અને ફોજદારી અદાલતો શરૂ કરવામાં આવી. ભારતમાં વહીવટીતંત્રમાં અંગ્રેજો એ સારી સેવાઓ શરૂ કરી પરંતુ આ સેવામાં ભારતીય હિતોને બદલે બ્રિટિશરો ના હિત માટે કામ કરતું હતું.

## 5. વિલિયમ બેન્ટિકના ન્યાયવિષયક સુધારા જણાવો .

- વિલિયમ બેન્ટિકે ભારતીય ન્યાયતંત્રમાં અનેક સુધારા કર્યા છે જે નીચે મુજબ છે : ભારતીયોને ન્યાયતંત્રમાં ઉચ્ચ હોદાઓ પર મૂકવાની શરૂ કરી . પ્રાંતીય અને ક્ષેત્રીય ન્યાયાલયો બંધ કરી જિલ્લા ન્યાયપાલિકાને તે અંગે જવાબદારી સોંપી. ભારતમાં કોલકત્તા, મદ્રાસ અને મુંબઈમાં હાઈકોર્ટની સ્થાપના કરી. ભારતીય પરંપરાગત કાયદાઓ દૂર કરી વ્યવસ્થિત કાયદાની નવી પ્રણાલી શરૂ કરી. દેશના તમામ ભારતીયો માટે એક સમાન ન્યાય વ્યવસ્થા શરૂ કરી.

## 6. બ્રિટિશ શાસન દરમિયાન ન્યાયવ્યવસ્થાની ગુણવત્તા અને ક્ષતિઓ જણાવો?

- બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં ફોજદારી ન્યાય માટે સુગ્રથિત ન્યાયતંત્ર પ્રસ્થાપિત થયું હતું. અંગ્રેજો એ ભારતીય પરંપરા, રીતરિવાજો અને પ્રણાલિકાઓમાં રહેલી અસમાનતા દૂર કરી. સમાન કાયદા ઘડી તેમનો અમલ કર્યો. આમ છતાં આ ન્યાયવ્યવસ્થા ભારતીય માટે અનુકૂળ ન હતી. ગ્રામપંચાયતો દ્વારા થતી ન્યાયની પ્રક્રિયા બંધ થઈ ગઈ. ગ્રામપંચાયતોનું મહત્ત્વ ઘટી ગયું. ન્યાયના પ્રક્રિયા લાંબી અને ખર્ચાળ પુરવાર થઈ. ભારતમાં વસવાટ કરતાં અંગ્રેજ અપરાધીઓ માટે કોલકાતા ખાતે એકમાત્ર અદાલત હતી.